# ઉંદર વગાડે ઢોલ



એક હતા ઉંદરભાઈ. બીજાના દુ:ખે દુ:ખી અને બીજાના સુખે સુખી, પરોપકારી. સ્વભાવે આનંદી. ઉંદરભાઈને ઢોલ વગાડવાનો શોખ.

એક દિવસની વાત છે. ઉંદરભાઈ એક ડોશીમાની ઝૂંપડીએ જઈ પહોંચ્યા. ડોશીમા રોટલો ઘડવા માટે ચૂલામાં પગ નાંખી સળગાવવાની તૈયારી કરતાં હતાં. આ જોઈ ઉંદરભાઈ બોલ્યાં, "ડોશીમા શું કરી રહ્યાં છો ! પગ બળી જશે.

"શું કરું ભાઈ, ચૂલો ચેતાવવો છે. લાકડાં નથી. મારાથી હવે ચલાતું નથી કે જંગલમાં જઈ લાકડાં વીણી લાવું."

"થોડી રાહ જુઓ, હું લાકડાં વીણી લાવી આપું છું."

આમ કહી ઉંદરે લાકડાં વીણી ડોશીમાને આપ્યાં. ડોશીએ ચૂલો સળગાવી રોટલા ઘડી ચૂલાની બેડ પર મૂકયાં હતાં. રોટલા જોઈ ઉંદર નાચવા-કૂદવા લાગ્યો.

"ઉંદરભાઈ, તમે કેમ નાચો-ગાઓ છો ?"

"ડોશીમા, તમે ઘડેલા તાજા તાજા રોટલામાંથી એક રોટલો મને આપો...!"

"લે, દીકરા, એક રોટલો તું ખા, લાકડાં તું જ વીણી લાવ્યો હતો."

ઉંદર રોટલો લઈ આગળ વધ્યો. થોડે દૂર ગયો હશે. એક કુંભાર-કુંભારણ નિંભાડે માટલાં પકવતાં હતાં. બાજુમાં એક નાનો છોકરો ભૂખ્યો થયો હતો. ઝટ દઈને ઉંદરે તો ડોશીનો આપેલો રોટલો છોકરાને આપી દીધો. રોટલો મળતાં છોકરો ખુશ થયો. કુંભાર-

કુંભારણ પણ રાજીના રેડ થઈ ગયાં. ત્રણને રાજી થયેલાં જોઈ ઉંદરભાઈ ગીત ગાવા લાગ્યાં.

"રસ્તે જતાં ડોશીમા મળ્યાં,
જોઈતા લાકડાં વીણી આપ્યાં.
ડોશીએ મને રોટલો આપ્યો.
રોટલો મેં તમને આપ્યો.
કુંભાર-કુંભારણ મને શું આપશો ? "

કુંભાર-કુંભારણે ઉંદરને એક માટલું આપ્યું. માટલું લઈ ઉંદરભાઈ આગળ ગયા ન ગયા ત્યાં એક ભરવાડ ખાણીયામાં વલોણું કરતો હતો, આ જોઈ ઉંદરભાઈ આશ્ચર્યમાં પડી ગયાં. ભરવાડભાઈ ખાણીયામાં તો વલોણું તો થતું હશે !

"મારી પાસે ક્યાં માટલું છે, ઉંદરભાઈ ! એટલે ખાણીયામાં વલોણું કરું છું. થોડા દિવસ આમ જ ચાલશે."

"લો... આ માટલું... કરો વલોણું..."

ભરવાડે માટલામાં વલોણું કરી તાજું ઘી ઉતાર્યું. તાજું ઘી જોઈ ભરવાડ ખુશ થયો. ઉંદરભાઈ પણ ગીત ગાવા લાગ્યાં,

રસ્તો જતાં ડોશીમા મળ્યા,
જોઈતા લાકડાં વીણી આપ્યાં,
ડોશીએ મને, રોટલો આપ્યો.
રોટલો મેં કુંભારને આપ્યો.
કુંભારે મને માટલું આપ્યું.
માટલું મેં તમને આપ્યું.
ભરવાડ ભરવાડ મને શું આપશો ?

ભરવાડે ખુશ થઈ ઉંદરભાઈને એક ભેંસ આપી. આગળ ચાલતાં ચાલતાં વચ્ચે શિકાર કરવા આવેલા રાજાના તંબુ પાસે જઈ પહોંચ્યા. ત્યાં જઈને જુએ છે કે રાજાનો કુંવર જમતો હતો. જમણમાં લુખ્ખો ભાત હતો. દૂધ હતું નહીં.

"હે રાજન્ કુંવર લુખ્ખો ભાત કેમ ખાય છે !"

"જંગલમાં દૂધ ક્યાંથી લાવવું ! શિકારમાં તો જે મળે તે જમી લેવાનું."

"રાજન્ ! મારી પાસે ભેંસ છે. તેને દોહી મંગાવી કુંવરને દૂધ આપો."

નોકર પાસે ભેંસ દોહી મંગાવી દૂધ કુંવરને આપ્યું. તે પણ રાજીનો રેડ થઈ ગયો. રાજા પણ ખુશ, ઉંદર પણ ખુશ થતો ગાવા માંડ્યો.

રસ્તે જતાં ડોશીમા મળ્યાં.
જોઈતાં લાકડાં વીણી આપ્યાં.

ડોશીએ મને રોટલો આપ્યો.

રોટલો મેં કુંભારને આપ્યો.

કુંભારે મને માટલું આપ્યું.

માટલું મેં ભરવાડને આપ્યું.

ભરવાડે મને ભેંસ આપી.

ભેંસ મેં તમને આપી.

બોલો રાજન્, મને શું આપશો ?

રાજાએ ઉંદરભાઈને એક દાસી કન્યા આપી. બન્ને વાતો કરતાં કરતાં આગળ જતાં હતાં. ત્યાં એક ડબગર ઘંટી દળતો હતો. પરસેવે રેબઝેબ હતો. દળતાં ફાવતું ન હતું. આ દ્રશ્ય જોઈને ઉંદરભાઈને દયા આવી પૂછ્યું. 'હે ડબગરભાઈ તમે કેમ દળો છો. ! ઘરવાળી ક્યાં છે ?"

ડબગર નિસાસો નાખતાં બોલ્યો, "મુજ ગરીબને કોણ કન્યા આપે !"

"ડબગરભાઈ તમારે નિરાશ થવાની જરૂર નથી. રાજાએ મને ભેંસના બદલામાં કન્યા આપી છે. એ રાજી હોય તો તમને આપું. દાસી કન્યા શરમાતાં નીચું જોઈ ઘરમાં ચાલી ગઈ. ડબગર તો ખુશ ખુશ થઈ ગયો. ઉંદરભાઈ પાછા ગાવા લાગ્યા.

રસ્તે જતાં ડોશીમા મળ્યાં.

જોઈતાં લાકડાં વીણી આપ્યાં.

ડોશીએ મને રોટલો આપ્યો.

રોટલો મેં કુંભારને આપ્યો.

કુંભારે મને માટલું આપ્યું.

માટલું મેં ભરવાડને આપ્યું.

ભરવાડે મને ભેંસ આપી.

ભેંસ મેં રાજાને આપી.

રાજાએ મને કન્યા આપી.

કન્યા મેં તમને આપી.

ડબગરભાઈ, મને ઢોલ આપશો ? "

ઢોલને બદલે કન્યા મળતાં ડબગરે ખુશ થતાં એક નવું બનાવેલું ઢોલ ઉંદરભાઈને આપ્યું.

ઉંદરભાઈ ઢોલ વગાડતા જાય ને ગાતા જાય : છોકરાં ભેગાં કરતાં જાય.

- રશીદ મુનશી

(જાદુઈ વાંસળી)